કમિશનરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની વર્ગ-૧ની
આઇ.એ.એસ.ની એક જગ્યા ચાલુ રાખવાની મંજુરી
આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૨૦૧૧/૧૩૧૨ /આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૧/૨૦૧૮
11 JAN 2018

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૨/૪/૨૦૧૨ નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૮/૧/૨૦૧૭ નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૩) કમિશનરશ્રી,મધ્યાહન ભોજન યોજનાનો તા.૦૩/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક:મભય/મકમ/ક/૨૦૧૮/૨૨૩

ઠરાવ –

શિક્ષણ વિભાગના સંદર્ભ-(૧) સામે દર્શાવેલ સરખા ક્રમાંકના ઠરાવથી સને.૨૦૧૨-૧૩માં માંગણી નં.૯ હેઠળ અંદાજ પત્રમાં પ્લાન સદરે કમિશનરશ્રી,મધ્યાહન ભોજન યોજના વર્ગ-૧ની આઇ.એ.એસ.ની એક જગ્યા ઉભી કરવા રૂ.૧૦.૫૬ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. આ જગ્યાને છેલ્લે સંદર્ભ(૨) સામેના સરખા ક્રમાંકના ઠરાવથી તા.૨૮/૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવામાં આવેલ હતી. સંદર્ભ-(૩) સામેના કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજનાના પત્રથી કમિશનરશ્રી,મધ્યાહન ભોજન યોજના, વર્ગ-૧ની આઇ.એ.એસ.ની આ જગ્યા તા.૨૮/૦૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવા અંગેની દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/ સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે કમિશનરશ્રી,મધ્યાહન ભોજન યોજના, વર્ગ-૧ની આઇ.એ.એસ.ની એક હંગામી જગ્યા તા.૨૮/૦૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજુરી આથી નીચેની શરતોને આધિન આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની કચેરી,ગાંધીનગર દ્વારા ઉકત હંગામી જગ્યા જે તે નાણાકિય વર્ષમાં ચાલુ રાખવાની મંજુરી અંગેની દરખાસ્ત મુદત પુરી થવાના બે માસ અગાઉ પુરતા વાજબીપણા સાથે કરવાની રહેશે.
(૨) જો આ જગ્યા એક વર્ષ કરતાં વધારે સમયથી ખાલી હોય તો જગ્યા ABEYANCE માં મુકવાની રહેશે અને ત્રણ વર્ષ કરતાં વધારે સમયથી ખાલી હોય તો રદ કરવાની રહેશે.
(૩) જે હેતુ માટે આ હંગામી જગ્યા મંજુર થયેલ હોય તે જ હેતુ માટે આ જગ્યાનો ઉપયોગ કરવાનો રહેશે.
(૪) નાણાં વિભાગ દ્વારા છુટી કરવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના(૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૪/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(શિક્ષણ)ની તા.૦૯/૦૧/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પકેશ ઠાકોર)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

-- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ) ના રહસ્ય સચિવશ્રી, સા.વ.વિ.સચિવાલય, ગાંધીનગર.

-- નાણા સલાહકારશ્રી (શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.

-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-- કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજના, ગાંધીનગર.

--નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગર.

-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)

-- નાયબ સેકશન અધિકારીશ્રી,

-- સિલેકટ ફાઇલ.